# રાજયમાં સાર્વત્રિક વરસાદ, ખેડૂતોમાં આનંદ

## વરસાદની રાહ જોતાં ખેડૂતોમાં આનંદની ખુશી : જૂનાગઢમાં ૪ ઈંચ, વેરાવળમાં ૨.૫ ઇંચ વરસાદ ખાબક્યો : ગીરનાર રોપવે બંધ કરાયો

વેરાવળ,તા.૨૫

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે વહેલી સવારથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જયારે વેરાવળ અને સોમનાથમાં દોઢ ઈંચ અને સુત્રાપાડામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા જેના કારણે વાહન ચાલકોમાં ભારે મુશ્કેલી જોવા મળી હતી. ત્યારે બીજી બાજુ ગીરનારમાં અનરાધાર વરસાદના લીધે રોપવે હાલ બંધ કરી દેવામાં આવ્યું છે અને વરસાદને કારણે દામોદર કુંડના પગથિયાં પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

છોટાઉદેપુરના નસવાડીમાં વરસાદી માહોલ જામ્યો છે. નસવાડી, આમરોલી, તણખલા સાથે ડુંગર વિસ્તારમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. છોટાઉદેપુરના કવાંટમાં નાની ટોકરી પાસેથી પસાર થતી ટોકરવો ધામણી નદીમાં પૂર આવ્યું છે. કોઝવે ઉપર પાણી ફરી વળતા ૪થી વધુ ગામનો જીલ્લા સાથે સંપર્ક કપાયો છે. સાર્વત્રિક વરસાદના લીધે નસવાડીનું હાંડલી ગામ સંપર્ક વિહોળું બની ગયું છે. મુખ્ય ગામના રોડ પર આવેલ લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થઇ ગયો છે. હાંડલીના ગ્રામજનોને દસ કિલોમીટર ફરીને જવાનો વારો આવ્યો છે.

વલસાડ જિલ્લાના અંતરિયાળ વિસ્તાર એવા કપરાડા અને તેની આજુબાજુના વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. કપરાડામાં ૪ કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદ ખાબકયો છે. ઉપરવાસમાં વરસાદને લીધે નદીઓમાં પાણીની આવક થઈ છે. મધુબન ડેમની સપાટી ૭૧.૩૫ મીટર પર પહોંચી છે. જ્યારે ૧૩,૮૨૮ ક્યુસેક પાણીની આવક થઈ છે. તો ડેમમાંથી ૧૧૬૫૩ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. વલસાડ જિલ્લામાં ઉમરગામ, ધરમપુર, કપરાડા અને આજુબાજુના વિસ્તારોમાં વરસાદી માહોલ છે.

બોડેલીમાં વહેલી સવારથી મેઘો મહેરબાન થયો છે. બોડેલીમાં છ કલાકમાં લગભગ ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો છે. સતત વરસાદના લીધે બોડેલીના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. બોડેલી રેલવે ગરનાળામાં પાણી ભરાતા રસ્તો બંધ કરાયો છે.

રાજકોટ જિલ્લામાં સતત બીજા દિવસે વરસાદ વરસી રહ્યો છે. ધોરાજીમાં આજે સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આથી રસ્તાઓ પર પાણી ભરાયા છે. રાજકોટમાં ગઈકાલે ૬ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આથી રસ્તાઓ પર પાણી ભરાયા હતા. ગઈકાલે ગોંડલ પંથકમાં વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. ૪ કલાકમાં જ ૫ ઈંચ જેટલો વરસાદ નોંધાતા શહેર પાણી પાણી થઈ ગયું હતું. ભારે વરસાદને પગલે શહેરના અનેક વિસ્તારોમાં કેડ સમા પાણી ભરાયાં હતાં. જેના કારણે વાહન વ્યવહાર ખોરવાયો હતો.

## જૂનાગઢ ૪ કલાકમાં ૪ ઈંચ, રોપ વે સેવા અટકાવવી પડી

### જૂનાગઢ શહેરની સાથે ગીરનાર પર્વત પર જાણે જળના ધોધ વહેવા લાગ્યા, જેના કારણે નયનરમ્ય દ્રશ્યો સર્જાયા

જૂનાગઢ, તા.૨૫

શહેર અને તાલુકામાં આજે મેઘરાજા મનમુકીને મહેરબાની કરી હતી. ભારે વરસાદના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. જૂનાગઢમાં સવારે ૧૦ વાગ્યાથી જ મેઘરાજાની પધરામણી થઈ હતી જે બપોર સુધી અવિરત વરસાદ વરસ્યો હતો. ચાર કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ ખાબકતા જૂનાગઢમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જૂનાગઢ શહેરની સાથે ગીરનાર પર્વત પર પણ જાણે જળના ધોધ વહેવા લાગ્યા હતા. જેના કારણે નયનરમ્ય દ્રશ્યો સર્જાયા હતા. તળેટીના દામોદર કુંડમાં નવા નીરની આવક થઈ હતી. દાતા પર વરસેલા વરસાદના કારણે પગથીયાઓ પર પણ ઝરણા વહેતા થાય હતા.



જૂનાગઢની આસપાસના વિસ્તારોમાં વરસાદના કારે પ્રકૃતિ સોળેકળાએ ખીલો ઉઠી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. રાજમાર્ગો પર વરસાદી પાણીની નદીઓ વહેતી થઈ હતી. ભારે વરસાદના કારણે સ્થાનિક નાગરિકો પણ મોટા પ્રમાણમાં ઘરની બહાર નીકળી ગયા હતા. ગીરના ડુંગર પર ઉપરી વિસ્તારોમાં પણ અનરાધાર વરસાદ વરસ્યો હતો. દામોદરકુંડના પગથીયા સુધી નવાનીરની આવક થઈ હતી. સોનરખ અને જૂનાગઢ શહેરમાંથી પસાર થતી કાળવ નદીમાં પણ ઘોડાપુર આવ્યું હતું.

સવારથી ગીરનાર પર પડી રહેલા વરસાદ અને પવનના કારણે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાને રાખીને બપોરે રોપવેની સેવા બંધ કરવાની ફરજ પડી હતી. તળેટીમાં આવેલા પોરવે સેવા થોડા સમય માટે બંધ રહેતા પ્રવાસીઓની ભીડ અટકી પડી હતી. જો કે રોપવે સેવા માત્ર જવા માટે જ બંધ કરવામાં આવી હતી. આવનારા યાત્રીઓને ધીરે ધીરે કરીને તબક્કાવાર નીચે એક ટ્રોલી દ્વારા નીચે ઉતારવામાં આવી રહ્યા હતા.

## સુરતમાં ૩ વર્ષના માસુમને થયો મ્યુકરમાકોસીસ

### કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાતા તરત જ બાળકનું સિટીસ્કેન કરાયું : હાલ બાળકની હાલત ગંભીર

સુરત, તા.૨૫

રાજયમાં સૌપ્રથમવાર સુરતમાં ૩ વર્ષના બાળકને મ્યુકરમાઈકોસિસ થયો હોવાનું સામે આવ્યું છે. કોરોના શંકાસ્પદ લક્ષણો જણાતા તરત બાળકનું સિટીસ્કેન કરાયું હતું. હાલ બાળકની હાલત ગંભીર હોવાથી હાલ તેને હાયર સેન્ટરમાં રિફર કરવાની તૈયારી ચાલી રહી છે. મ્યુકોરમાઈકોસિસ થતા બાળકને સુરતસિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યું છે. સિટી સ્કેનમાં કોરોના પોઝિટિવ હોવાનું ખૂલ્યું છે.

સુરત સિવિલ હોસ્પિટલમાં ૩ વર્ષના બાળકને મ્યુકોરમાઈકોસિસ નીકળતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. રાજ્યમાં કોઈ ત્રણ વર્ષના બાળકને મ્યુકોરમાઈકોસિસ થયો હોય તેવો આ પહેલો કિસ્સો છે. ગુરુવારે આ બાળકને ટ્રોમા સેન્ટરમાં લાવવામાં આવ્યો હતો. જેના બાદ તેનુ સિટીસ્કેન કરવામાં આવ્યુ હતું. આ ચેકિંગમાં બાળકને મ્યુકોરમાઈકોસિસ હોવાનું ખૂલ્યું હતું. જોકે, હાલ આ બાળકની સ્થિતિ નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, કોરોનાની સંભવિત ત્રીજી લહેર અને મ્યુકોર માઈકોસિસ અંગે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં સોંગદનામું કર્યું છે. આ સોગંદનામામાં રાજ્યમાં કોરોનાના કેસ ઘટ્યા હોવાથી નિયંત્રણોમાં છૂટછાટ આપી હોવાની રજૂઆત કરી છે.

### પાટીદાર સમાજની બેઠક યોજાઇ

## ઉમિયાધામનો સૌથી મોટો ઉત્સવ ઉજવાશે, ૧૫૦૦ કરોડના પ્રોજેક્ટમાં ૭૪ હજાર વારમાં બનાવાશે સંકુલ

### ૨૦૨૨ની ચૂંટણીને પાટીદાર સમાજ કેવી રીતે જુએ છે તેનો ભવિષ્યમાં સોલિડ જવાબ આપીશું: સી.કે.પટેલ

અમદાવાદ,તા.૨૫

ગુજરાતમાં ૨૦૨૨માં યોજાનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુસંધાને વિવિધ સમાજની બેઠકો યોજાઈ રહી છે. વિવિધ સમાજના અગ્રણીઓ દ્વારા પોતાના સમાજના નેતાને મુખ્યમંત્રી બનાવવાની તરફેણ કરતાં નિવેદનો પણ આવી રહ્યાં છે ત્યારે હવે પાટીદાર સમાજ તરફથી પણ ચૂંટણી અંગે મહત્વનું નિવેદન કરાયું છે. અમદાવાદમાં આવેલ સોલા ઉમિયાધામમાં કડવા પાટીદાર સમાજના આગેવાનોની બેઠક મળી હતી. ૧ હજાર ૫૦૦ કરોડના વિકાસ કાર્યોનું લોચિંગ કરવામાં આવ્યું. સાથે જ સોલા ઉમિયાધામ સંસ્થાનના વિકાસ કાર્યોની ચર્ચા કરાઈ અને અમદાવાદમાં સૌથી મોટા ધર્મોત્સવની કરવાની જાહેરાત કરાઈ હતી. ૧૩ ડિસેમ્બરે માં ઉમિયાનો સૌથી મોટો ધર્મોત્સવ ઉજવાશે.

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ટ્રસ્ટી સી. કે. પટેલે ગુજરાત વિધાનસભાની ૨૦૨૨ની ચૂંટણીને લઈને નિવેદન કર્યુ છે કે, પાટીદાર સમાજ આવનારા દિવસોમાં રાજકીય ચર્ચા કરવા એકત્ર થશે. આવનારા દિવસોમાં પાટીદાર સમાજના અગ્રણીઓની બેઠક મળશે અને પાટીદાર સમાજની તમામ સંસ્થાઓના અગ્રણીઓ રાજકીય ચર્ચા કરશે. જો કે ગુજરાતના આગામી મુખ્યમંત્રી પાટીદાર હોવા જોઈએ કે નહીં તે અંગે એ કે પટેલે મૌન સેવ્યું હતું.

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ટ્રસ્ટી સી. કે. પટેલે જણાવ્યું કે, પાટીદાર સમાજના તમામ લોકો રાજકીય ચર્ચા કરવા આગામી સમયમાં મળશે અને આ બેઠકમાં પાટીદાર સમાજના કલ્યાણ માટે રાજકીય ચર્ચા થશે. આ ચર્ચા બાદ ધમાકેદાર જવાબ આપવામાં આવશે.

## કોરોનાની સંભવીત ત્રીજી લહેરનો સામનો કરવા ગુજરાત સજ્જ છે : રૂપાણી

### ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી પોરબંદર ભાવસિંહજી હોસ્પિટલમાં કાર્યાન્વિત કરાયેલી ઓક્સિઝન ટેંકથી પોરબંદર જિલ્લામાં કોરોના દર્દીઓની સારવાર માટે ઓક્સિજન મેળવવામાં રાહત થશે- મુખ્યમંત્રી

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ક્રાયોજેનિક ઓકસીજનની ટેક્નુ લોકાર્પણ ભાઈશ્રીના હસ્તે કરવામાં




આવ્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ અવસરે જણાવ્યું હતુ કે કોરોનાની આ વિશ્વ વ્યાપી મહામારીએ આપણને સૌને પ્રાણવાયુ ઓક્સિજનનુ મહત્વ અને જરૂરીયાત સમજાવી દીધા છે.

ગુજરાતે કોરોના સામે લડત આપી બીજી વેવ કાબુમાં લેવામાં સફળતા મેળવી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર અને સેવા સંસ્થાઓના સહયોગથી આપણે સંભવિત કોરોનાની ત્રીજી લહેર સામે યુધ્ધના ધોરણે સાવચેતીના પગલા રૂપે ઓક્સિજનની સંભવિત જરૂરીયાતને પહોંચી વળવા આયોજન કરી રહ્યા છીએ.

પોરબંદરની ભાવસિંહજી જનરલ હોસ્પિટલ ખાતે પ્રસિધ્ધ કથાકાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે ૨૦હજાર લિટરની ક્ષમતાની ક્રાયોજેનિક ઓક્સિજન ટેક્નુ લોકાર્પણ સંપન્ન

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પોરબંદરની ભાવસિંહજી જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે પ્રસિધ્ધ કથાકાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી કાર્યાન્વિત કરાયેલી ૨૦હજાર લીટર ક્ષમતાની

ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણા અને સહયોગથી પોરબંદરમાં સિવિલ હોસ્પિટલમાં ૨૦હજાર લીટર ક્ષમતાની રૂપીયા ૭૫ લાખના ખર્ચે ઓક્સિજન ટેક્નુ નિમાર્ણ થયુ તે અંગે મુખ્યમંત્રીશ્રીએ ભાઈશ્રીનો આભાર વ્યક્ત કરી આ પ્રકલ્પથી પોરબંદર જિલ્લામાં ઓકસીજન સપ્લાય મેળવવામાં રાહત થશે તેમ જણાવ્યુ હતુ.

## જિલ્લાના સુલભ શૌચાલયોમાં પારાવાર ગંદકી, તિવ્ર દુર્ગંધથી આસપાસના દુકાનદારો પરેશાન

### ઠેકેદારો કોઈનું સાંભળતા નથી, સ્થાનિકોનો આરોપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના કેટલાક સુલભ શૌચાલયોમાં પારાવાર ગંદકીના કારણે તિવ્ર દુર્ગંધ પ્રસરી રહી છે જેના કારણે આસપાસના દુકાનદારો અને રહીશો પરેશાન થયા છે. ઠેકેદારોને ગંદકી અંગે રજૂઆત



કરવામાં આવે તો કોઈનું પણ સાંભળતા નથી. ખાસ કરીને પાલિકા વિસ્તારોમાં શૌચાલયો ગંદકીથી ખદબદતાં હોવાના કારણે વડાપ્રધાનના શૌચમુક્ત ભારતના અભિયાનને ફટકો પડી રહ્યો છે.

સરકાર દ્વારા શૌચમુક્ત ગામડાંની યોજના અમલમાં મૂકી પરંતુ તેમાં એટલી હદે ભ્રષ્ટાચાર થયો કે સમગ્ર યોજનામાં બનેલા શૌચાલયોમાંથી ૫૦ ટકા શૌચાલય માત્ર હાડપીંજર બનીને ઉભાં રહ્યાં છે. કેટલાક કિસ્સાઓમાં માત્ર કાગળ ઉપર શૌચાલય બન્યાં છે. જિલ્લાના શહેરી વિસ્તારોમાં સુલભ શૌચાલયો ઉભા કરવામાં આવ્યા છે જેનો હેતુ સ્થાનિક વેપારીઓ અને દૂર દુરથી આવતા લોકો તેનો યોગ્ય ઉપયોગ કરી શકે પરંતુ જિલ્લામાં મોટાભાગે નગરપાલિકા હસ્તકનાં શૌચાલયોમાં ખાળકૂવા ઉભરાઈ રહ્યા છે. યોગ્ય સફાઈ થતી નથી જેના કારણે સુલભ શૌચાલયનના આસપાસના ૫૦ ફૂટ દૂર સુધી દિવસ-રાત તિવ્ર દુર્ગંધ પ્રસરવા લાગી છે.

જિલ્લા તંત્રએ પણ શહેરી વિસ્તારમાં આવેલા સુલભ શૌચાલયોમાં સ્વચ્છતાને ગળે ટૂંપો આપવાની સ્થિતિમાં કાર્યવાહી કરવી જોઈએ. સુલભ શૌચાલયોમાં વધતી ગંદકીના કારણે પ્રજા હવે જાહેરમાં લઘુશંકા કરવા માટે મજબૂર બની છે.

## ડીસામાં લબરમુછીયા રીક્ષાચાલકોની મનમાનીથી આમ પ્રજામાં આક્રોશ

હાલમાં કોરોના જેવી મહામારી ચાલી રહી છે તેમાંય ત્રીજી લહેરની દહેશતને લઈને લોકો ભયના માહોલમાં જીવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી લબરમુછીયા રિક્ષા ચાલકોની મનમાની વધી પડી છે. જેઓ બેફામ ઝડપે રિક્ષા હંકારી રહ્યા છે. જેના કારણે અવાર નવાર નાના-મોટા અકસ્માતો પણ સર્જાઈ રહ્યા છે તદુપરાંત આવા



લબરમૂછિયા રિક્ષા ચાલકો પાસે કોઈપણ પ્રકારના લાયસન્સ કે અન્ય ડોક્યુમેન્ટ પણ હોતા નથી.તેમછતાં કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર રિક્ષામાં મોટા અવાજે સાઉન્ડ સિસ્ટમ વગાડી અવાજનું પ્રદુષણ પણ ફેલાવી રહ્યા છે. ડીસાના વિવિધ માર્ગો પર ચાહે સવાર,બપોર કે સાંજનો સમય હોય યા મોડી રાતનો સમય હોય તો પણ પોલીસની કોઈપણ જાતની ડર વગર બેફામ રીતે મોટા અવાજે સાઉન્ડ સિસ્ટમ વગાડી ઘોંઘાટ ફેલાવે છે. જેથી લોકો અને રાહદારીઓ ભારે ત્રાસ અનુભવે છે. જ્યારે બાળકો અને વડીલોનું તો આવી બને છે. તેમાં પણ અશ્લીલ ગીતો વગાડતા મહિલાઓની હાલત કફોડી બની જાય છે. આવા લબરમૂછિયા અને વગર લાયસન્સે બેફામ રિક્ષાઓ હંકારતા શિખાઉઓ સામે નગરપાલિકા તંત્ર, પોલીસ તંત્ર તથા આરટીઓ તંત્ર દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરી આવા લબરમૂછિયા ચાલકોને કાયદાના પાઠ શીખવાય તેવો જનમત પ્રવર્તે છે.

### કાયદો અને કાનૂન ● પાના ૪થાનું ચાલુ...

વિડીયો બતાવી ત્યારબાદ આવા વિડીયો વાયરલ કરવાની ધમકી આપી નાણાં પડાવવાનું આખું રેકેટ ચાલે છે. જેમાં અગ્રણી રાજકારણીઓ પણ આનો ભોગ બનવામાં બાકાત નથી.

ઓનલાઈન સેકસ સાઈડ કે પોર્નસાઈડને કે સાહિત્યને સર્ચ એન્જીનમાં પણ શોધવું જોઈએ નહિ. આજ એના બચવાનો એક માત્ર ઉપાય છે. કોઈપણ ટેન્ડીંગ સાઈડ કે પોન સાઈડ ઉપર કે અજાણ્યા લોકોના નંબર ઉપર વિડીયો કોલ ઉપર વાત કરી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું જોઈએ નહી. ફ્રેન્ડશીપ કલબના નામે પણ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું જોઈએ નહિ તેમજ અજાણ્યા લોકોની ફેસબુક કે વોટસઅપ ઉપર ફ્રેન્ડરીકવેસ્ટ સ્વીકારવી જોઈએ નહી. સાવચેતી એજ સલામતી છે.

એક યુવકે વેબસાઈડની વિઝીટ કરતા એક નંબર આવ્યો. જેમાં કિલક કરતા ગણતરીના સેકન્ડમાં જ તેના વિડીયો કોલમાં ૪ થી ૫ યુવતીના ન્યુડ ફોટાઓ ફોરવર્ડ થયા હતા. તેમાંથી કોઈ એકને પસંદ કરવા જણાવતા યુવકે આવી માંગણીનો અસ્વીકાર કરતા તેને તરત જ ધાકધમકીઓનો મારો શરૂ થયો હતો અને પરિણામે ગભરાયેલા યુવકે બદનામીના ડરથી ૧૦,૦૦૦/- રૂપિયા ગુમાવી પીછો છોડયો હતો. આવી રીતે નાણા પડાવી ઓનલાઈન નાણા કાર્ડથી મોકલતા લોકોના ડેટાની ચોરી કરી તે બેન્ક એકાઉન્ટ હેક કરી લાખો રૂપિયા ગણતરીના સમયમાં જ ખંખેરી નાંખે છે જયારે બેન્કમાંથી મેસેજ આવે ત્યારે ૨૪ કલાક પછી આવી છેતરપીંડીની ખબર પડતા લોકો નિસહાય બની જાય છે. આવી જ રીતે એક કોલેજમાં પ્રોફેસરના ખાતામાંથી ૧.૫૯ લાખ ખંખેરી લીધા તથા એમબીએના વિદ્યાર્થીના ખાતામાંથી ૪.૫૦ લાખ પડાવી લીધાની ફરીયાદ બહાર આવી છે. ફ્રી શોપીંગના બહાને તથા લકી ડ્રોમાં નંબર લાગ્યો છે તેમ જણાવી રજીસ્ટ્રેશન કરાવી ડેટા હેક કરી નાણા પડાવવાના કિસ્સા પણ લોકડાઉનમાં વધ્યા છે. આ આખુ ટ્રાન્ઝેકશન નો બ્લોક ટેકનોલોજીમાં થયેલ છે.

ઓનલાઈન બીઝનેશમાં લાખો કમાવાની લોભામણી લાલચો આપીને પણ રજીસ્ટ્રેશન કરવાના બહાને કાપડના વેપારીઓને લુંટેલ છે. માછલીઓ ઉછેરવામાં નાણા રોકવા પ્રલોભન આપી યુવક સાથે ૭ લાખની છેતરપીંડી આચરવાનું પણ બહાર આવ્યું છે. અજાણી વેબસાઈટને લોગ ઈન કરતા પહેલા તેના ખતરા વિશે જાણવું અગત્યનું છે. સાવચેતીએ જ સલામતી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

### કોરોના ગયો નથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકોને પાણી બચાવવા અને પાણીનો કરકસરપૂર્વકનો ઉપયોગ કરવાને પોતાની જીવનશૈલીનો ભાગ બનાવવા માટે વિનંતી કરી છે. આપણે આપણી આવનારી પેઢી માટે પાણી બચાવવાની જરૂર છે. પાણીનું દરેક ટીપુ કિંમતી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ્યોર્જિયામાં યોજાયેલો એક પ્રસંગ યાદ કર્યો હતો. જેમાં વદેશ મંત્રી એસ. જયશંકર દ્વારા સેન્ટ ક્વીન કેટેવનનો અવશેષ જ્યોર્જિયન સરકારને આપ્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ પ્રસંગ દરમિયાન ભારત માટે કેટલાક ખૂબ પ્રશંસાત્મક શબ્દો કહેવામાં આવ્યા હતા જે હંમેશા યાદગાર રહેશે.

મોદીએ જણાવ્યું કે, હવે મણિપુરના ઉખરુલમાં સફરજનની ખેતી જોવા મળી રહી છે. જ્યાંના ખેડૂતો બગીચામાં સફરજનની ખેતી કરી રહ્યા છે. આ લોકો હિમાચલ પ્રદેશમાં અનુરૂપ તાલીમ લેવા માટે ગયા હતા. આ લોકોમાં ટીએસ રિંગફામિ યંગ છે. જે વ્યવસાયથી એરોનોટિકલ એન્જિનિયર છે.

કોરોના સંક્રમણ બાદ બેરની ખેતીમાં વધારો થઈ રહ્યો છે. એક ૩૨ વર્ષના યુવાન મિત્ર ત્રિપુરાના ઉનાકોટીના બિક્રમજીત ચકમા છે. બિક્રમજીતે બેરનું વાવેતર શરૂ કર્યું હતું. જે બાદ અન્ય લોકોને પણ બેર ખેતી માટે પ્રોત્સાહિત કર્યા હતા. જે કારણે તમામને બેરના વાવેતરથી મોટો ફાયદો મળ્યો છે.

એક સમય હતો, જ્યારે નાના બાંધકામોમાં પણ વર્ષોનો સમય લાગતો હતો, પરંતુ આજે ભારતમાં ટેક્નોલોજીને કારણે પરિસ્થિતિ બદલાઈ રહી છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, આપણે વોકલ ફોર લોકલની જેમ રોજિંદા કામ કરતી વખતે પણ રાષ્ટ્રનું નિર્માણ કરી શકીએ છીએ. આપણા દેશના સ્થાનિક ઉદ્યોગ સાહસિકો, કલાકારો, કારીગરો, વણકરોને ટેકો આપવો તે આપણા સહજ સ્વભાવમાં હોવો જોઈએ.

આવતીકાલે ૨૬ જુલાઈ છે, દેશ રાષ્ટ્ર કારગિલ વિજય દિવસની ઉજવણી કરશે. તો ચાલો આપણે વર્ષ ૧૯૯૯માં રાષ્ટ્રને ગૌરવ અપાવનારા જવાનોને શ્રદ્ધાંજલિ આપીએ. આ વર્ષે કારગિલ દિવસ અમૃત મહોત્સવ ઉજવવામાં આવશે. કારગિલ યુદ્ધ વિશે વાંચવા અને આપણા યોદ્ધાઓને યાદ કરવા માટે હું લોકોને વિનંતી કરું છું.

### ગોલ્ડ મેડલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોલ્ડ મેડલ જીતી લાવી તો હવે દેશને તેમાં ભવિષ્યની એક ઓલિમ્પિક પ્લેયર દેખાઈ રહી છે. પ્રિયા મલિક આ પહેલા પણ ઘણી મોટી મેચ જીતી ચુકી છે.

હરિયાણાના ઉપમુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ પણ તેને શુભકામનાઓ પાઠવી છે.

## વેક્સિન લેવા વેપારી-શ્રમિકો રાતે સેન્ટરની બહાર સૂવે છે

### રસી લેવા સુરતના લોકો આખી રાત મચ્છરોનો ત્રાસ સહન કરે છે : સવારે માત્ર ૨૦૦ લોકોને જ ટોકન અપાય છે

સુરત, તા.૨૫

કોરોનાની બીજી લહેરમાં સુરતના શ્રમિકોએ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. દાખલ કરવા હોસ્પિટલોમાં લાંબી લાઈનો, અંતિમ ક્રિયા કરવા માટે લાઈનો, સંતાનનાં ઓનલાઇન શિક્ષણ માટે માથાકૂટ. ત્યારે હવે રસી ન હોય તો કામ ધંધા પર જઈ શકાય નહીં તેવી જાહેરાત કરતાં જ સુરતના સ્વામી વિસ્તારોમાં શ્રમિકો રસી લેવા માટે મોડી રાતથી જ સેન્ટરની બહાર લાઈનો લગાવે છે. રસી લેવા માટે સુરતના લોકો આખી રાત મચ્છરોનો ત્રાસ સહન કરવાની વારી આવી છે.

સુરતનાં અમુક વિસ્તારોમાં રહેતા લોકોને કોઈપણ વ્યવસાય અથવા તો ધંધામાં કામ કરવા જવું હોય તો વ્યક્તિ હોય તો એન્ટ્રી આપવામાં આવે છે. જેને લઈને હવે લોકો પોતાના કામધંધે જવા માટે માટે સતત વલખા મારી રહ્યા છે. સુરતના ઉધના વિસ્તારમાં લોકો મોડી રાત્રે સેન્ટર ઉપર લાઈન લગાવી દે છે. રાત્રે બાર વાગતાંની સાથે જ લોકો સેન્ટરની બહાર લાઈન લગાવી ત્યાં સૂઈ જાય છે. કારણ કે, સવાર થતાં માત્ર મર્યાદિત જથ્થાને લઈને ટોકન મળતા નથી. આ ટોકન લેવા માટે લોકોએ મચ્છરોનો ત્રાસ પણ સહન કરતા હોય તેવી વિગતો સામે આવી રહી છે.

સવાર થતાં જ રસી માટે માત્ર ૨૦૦ લોકોને ટોકન આપવામાં આવે છે. ત્યારે સ્થાનિક વિસ્તારોમાં રહેતા અને કામ ધંધો કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા લોકો માટે મોડી રાતથી ટ્રેડ સેન્ટરની બહાર લાઈન લગાવે છે. જોકે કેટલાક લોકો તો આ સેન્ટરની બહાર સૂઈ જતા હોય છે. રવિવારે બંધ રહેતાં વેક્સિનેશન કાર્યક્રમને આ વખતે ચાલુ રખાયું છે. વાણીજ્ય એકમો સાથે સંકળાયેલા વેપારીઓ, કર્મચારીઓ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તે માટે પાલિકાના કોમ્યુનિટી હોલ, સમાજ ની વાડી, શાળાઓ, કેટલાંક હેલ્થ સેન્ટરોમાં મળી કુલ ૯૯ સેન્ટરો પર રવિવારે સેન્ટર દિઠ ૨૨૫ લોકોને રસી આપવામાં આવનાર છે.